# વિલંબ કરતા પહેલા

## *Destroying delays in divine deeds*

**પ્રિયમ્**

**अहो श्रुतम्**
બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

**तिण्णो हु सि अण्णवं महं**

**किं पुण चिट्ठसि तीरमागओ ?।**

**अभितूर पार गमित्तए**

**समयं गोयम ! मा पमायए ।।**

ગૌતમ !

તું આટલા મોટા દરિયાને તો તરી ગયો

હવે કિનારાની સાવ જ નજીક આવીને

અટકી કેમ ગયો છે ?

પાર પામવા માટે

જલ્દી કર,

હવે તો એકદમ જલ્દી કર.

એક સમયનો પણ પ્રમાદ કરવો

એ તારા માટે બિલ્કુલ ઉચિત નથી.

**– પરમ પાવન શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**

**કન્યા ઘરડી થઈ**
**જાય ત્યાં સુધી**
**ધીરજપૂર્વક**
**મૂરતિયા જોયે**
**રાખવા એનું**
**નામ વિલંબ.**

પરમાત્માના
વાત્સલ્યમય ખોળાને
છોડીને મોહરાજાના
હોનારતમય સકંજા
તરફ આંધળી દોટ
લગાવવી
એટલે જ વિલંબ.

સુખને પામવાની
બધી જ યોગ્યતા
હોવા છતાં દુઃખને
જ યોગ્ય થવાની
પેરવી એટલે જ
વિલંબ.

મોક્ષને
'જોઈશ, પછી
આવીશ તો આવીશ.'
આમ કહીને
દુર્ગતિની દિશામાં ચાલતી
પકડવી એટલે જ
વિલંબ.

આત્મા
પરનો
અત્યાચાર
એટલે જ
વિલંબ.

**ગરમ અને**
**તાજી રસોઈને જમ્યા**
**વિના એ ઠંડી અને**
**વાસી થઈ જાય**
**ત્યાં સુધી**
**વિચાર્યા જ કરવું,**
**એનું નામ**
**વિલંબ.**

તોડવા માટે
માંડ માંડ
ગરમ કરેલા લોઢાને
ઘણના ઘા-થી
બચાવીને રાખવું
એનું નામ વિલંબ.

દર્દી ઉકલી
જાય ત્યાં સુધી
સર્વશ્રેષ્ઠ ડોકટરની
તપાસ કરે જ રાખવી,
એનું નામ
વિલંબ.

લક્ષ્મીનો હાથ
સાવ જ રહી
જાય
ત્યાં સુધી એને
લલાટ ધરવું
જ નહીં
એનું નામ વિલંબ.

સળગતા ઘરમાં સૂતા રહેવું એનું
નામ વિલંબ.

સૂકાઈ ગયેલા ગળે
ઢળી રહેલા ગ્લાસને સાક્ષીભાવે
જોયા જ કરવું
એનું નામ વિલંબ.

Price Cancel *થઈ શકે*
*તેમ હોય તો ય લોટરીનું*
*ઈનામ લેવા જવું જ નહીં.*
*એનું નામ વિલંબ.*

ભગવાન ખુદ તેડવા આવ્યા હોય
ને તેમને પ્રતિભાવ સુદ્ધા ન આપવો
એનું નામ વિલંબ.

આનંદના ઉપવનનો
પ્રવેશ પાસ મળ્યા છતાં ય
ઉકરડામાંથી ઊભા ન થવું
એનું નામ વિલંબ.

*સિગ્નલ ગ્રીન થઈ ગયા*
*છતાં ય ગાડી ત્યાં ને*
*ત્યાં ઊભી રાખવી*
*એનું નામ વિલંબ.*

સ્ટેશન આવવા છતાં ય ટ્રેનમાંથી ન ઉતરવું
એનું નામ વિલંબ.

પોતાના પર તરાપ
મારતા વાઘને
જોતાં જ રહેવું
એનું નામ વિલંબ.

**માછલાનું મોઢું**
**ખુલવા છતાં**
**બહાર ન નીકળવું**
**એનું નામ વિલંબ.**

કસાઈ ગાફેલ હોવા છતાં
ભાગી ન છૂટવું એનું નામ વિલંબ.

અવસર પામી આળસ કરશે
તે મૂરખમાં પહેલોજી,
ભૂખ્યાને જેમ ભોજન દેતા
હાથ ન માંડે ઘેલોજી.

We have to wait for the chance
chance never wait for us.
ચાન્સ બરાબર નજરની સામે હોય
ને એ વખતે જે આળસ કરે,
He is the Most stupid
in the world.
For Ex. કકડીને ભૂખ લાગી હોય,
પેટમાં ઉંદરડા બોલતા હોય,
કોઈએ ભાવતું ભોજન લાવીને ધર્યું હોય,
ને છતાં એને ખાવા સુદ્ધાની તસ્દી ન લેવી હોય,
He is just like him.
Stupid.
Most Stupid.

**– મહો. શ્રી યશોવિજયજી મહારાજા કૃત**
**શ્રીવિમલનાથસ્તવન**

નીતિશાસ્ત્રોમાં એક મજાની વાત આવે છે -

**आचारः कुलमाख्याति,**

**देशमाख्याति भाषितम् ।**

**सम्भ्रमः स्नेहमाख्याति,**

**वपुराख्याति भोजनम् ॥**

આચાર જણાવે છે કુળને,
ભાષા જણાવે છે પોતાના દેશને,
સંભ્રમ જણાવે છે સ્નેહને,
શરીર જણાવે છે ભોજનને.

અહીં વાત છે સંભ્રમની.
માનીતા મહેમાન ઘરે આવે એની સાથે
પહેલી જ નજરે જે પ્રતિક્રિયા થાય
that's સંભ્રમ.

એમની સાથે કદી પણ એવું ન બને
કે એમને જોઈને આપણે બેઠાં રહીએ....
ઠીક છે, આવ્યા.
છો આવ્યા, રહે તો ય ઠીક.
જાય તો ઠીક.

Never.

ચહેરાની આખી ય રોનક ફરી જાય,
મોઢું હસું હસું થઈ જાય,
સ્પ્રિંગની જેમ ઊભા થઈ જવાય,
એમનો હાથ પકડીને એમને લઈ અવાય,
ને હરખાતા હરખાતા એમનું
ભાવભીનું સ્વાગત કરાય.
આ છે સંભ્રમ.

સંભ્રમ પરથી ખબર પડે છે
કે આપણા અંતરમાં સ્નેહ છે.
ભારોભાર સ્નેહ.

Let's come to the point.

અનંત અનંત અનંત અનંત કાળે
ધર્મનો મહામૂલો અવસર
આપણી સામે આવીને ઊભો રહ્યો છે.
What do we think for ધર્મ ?
Is it cheap ?

ધર્મના અવસરની સામે
જે ઠંડો પ્રતિભાવ આપે છે
એ એવું ક્લિષ્ટ કર્મ બાંધે છે
કે આવનારા દીર્ઘ–સુદીર્ઘ સમય સુધી
એ ધર્મ પ્રાપ્તિને દુર્લભ બનાવી દે છે.

દુનિયાના શ્રેષ્ઠથી ય શ્રેષ્ઠ–સર્વશ્રેષ્ઠ
એવા પણ આગંતુક કરતા
અનંતગણો શ્રેષ્ઠ આગંતુક છે
ધર્મ.
જો એ આપણા આંગણે આવી રહ્યો છે
તો આનંદો....

ફરાવી દો ચહેરાની રોનક
હસું હસુ કરી દો મોઢું
ઉછળી જ પડો સ્પ્રિંગની જેમ
દોડી જાઓ એની સન્મુખ
લઈ આવો એને હાથ પકડીને
રીતસર હરખપદુડા થઈ જાઓ
ભાવભીનું સ્વાગત કરો એનું
એનાથી વધુ માનવંતું ને માનપાત્ર હોય
એવું દુનિયામાં બીજું કોઈ જ નથી.

**सम्भ्रमः स्नेहमाख्याति**

ધર્મના અવસરે હરખપદુડા થઈને કરેલું સ્વાગત
એ ધર્મ પ્રત્યેનો સ્નેહ છે.
ઠંડો પ્રતિભાવ એ અવગણના છે
કદાચ દ્વેષ છે.
સૂક્ષ્મ દ્વેષ.
આત્માર્થી જીવે એનાથી ખરેખર બચવા જેવું છે.

સુખ માટે ધર્મમાં જે વિલંબ કરાય છે
તે હકીકતમાં ધર્મનો જ વિલંબ નથી,
સુખનો પણ વિલંબ છે.
કારણ કે ધર્મ એ સુખનું એક માત્ર કારણ છે.
૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજ કહે છે –

**सुखं धर्मात् दुःखं पापात् सर्वशास्त्रेषु संस्थितिः ।**

સુખ ધર્મથી જ મળે છે
દુઃખ પાપથી જ મળે છે
સર્વ શાસ્ત્રો આની સાથે સમ્મત છે.

* * * * * *

વડવાઈ કપાઈ જવાની તૈયારીમાં છે,
વડલો જડમૂળમાંથી સાવ જ હચમચી ગયો છે.
નીચે કૂવામાં અજગરો મોઢું ફાડીને રાહ જોઈ રહ્યા છે.
આખા શરીરે મધમાખીઓ કાતિલ ડંખ મારી રહી છે.
દયાળુ દેવ પોતાના વિમાનમાં આવી જવા
સામેથી આમંત્રણ આપી રહ્યો છે
ને એ કહે છે – Wait.

બસ, આ મધપૂડામાંથી એક ટીપું પડે અને
મને એનો આસ્વાદ મળી જાય.
What will we tell for him ?
"He has to say ‘Save’ instead of ‘Wait’.

'Save... Please Save...

I say please.. save me...'

અને જો એ આવું કશું જ કહેવાના બદલે

ફક્ત રાહ જ જોવાનું કહેતો હોય,

તો એના જેવો મૂર્ખ બીજો કોઈ જ નથી.

અરે

મધના ટીપાની વાત તો જવા દો

ત્રણે લોકનું રાજ મળતું હોય ને ?

તો ય આ દશામાં તો એક પળનો ય વિલંબ

ન જ કરાય.

આમ જ કહેશું ને આપણે ?

Well,

પણ જો આપણે ધર્મમમાં વિલંબ કરીએ છીએ,

તો આપણે એના જેવા જ છીએ.

Just like him.

* * * * * *

ગામનો ગમાર ને આળસુ યુવાન.

એક ખેડૂતની રૂપાળી દીકરીનો એણે હાથ માંગ્યો.

ખેડૂતે એને બહુ સરસ જવાબ આપ્યો.

લાલ કપડું લઈને તારે ઊભા રહેવાનું.

તારી સામે ત્રણ સાંઢ છોડવામાં આવશે.

એક સાથે ત્રણ નહીં, પણ એક પછી એક.

એમાંથી જો તે એક પણ સાંઢનું
પૂછડું પકડી લીધું
તો મારી દીકરી તને પરણાવું.
યુવાને કબૂલ કર્યું.
લાલ કપડું લઈને ઊભો રહ્યો.
પહેલો સાંઢ છૂટ્યો. જાણે સાક્ષાત્ યમરાજ.
યુવાન જીવ લઈને ભાગ્યો.
ક્યાંક ઘુસીને એણે દરવાજો બંધ કરી દીધો.
હજી બે ચાન્સ તો છે જ.
આ આશ્વાસન હતું.
બીજી વાર એ સજ્જ થયો પણ આ શું ?
આ તો ઓલા સાંઢને ય ટક્કર મારે તેવો...
માર્યા ઠાર. ફરી એ ભાગી છૂટ્યો.
ત્રીજી વારનો સાંઢ દૂબળો-પાતળો-ઘરડો હતો.
યુવાને હિંમત કરી.
બરાબર સમયસૂચકતા સાથે કૂદકો માર્યો.
બરાબર પૂંછડું પકડાઈ જાય
એ રીતે હાથ લંબાવ્યો,
પણ આ શું ?
એ સાંઢનું પૂંછડું જ ન હતું
એનું પૂંછડું કપાઈ ગયેલું હતું.

* * * * * *

પ્રભુ વીર કહે છે –

**कुसग्गे जह ओसबिंदुए थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुयाण जीवियं समयं गोयम ! मा पमायए ॥**

કુશ વનસ્પતિનો તીક્ષ્ણ અગ્રભાગ,
એના પર ઝૂલી રહેલું ઝાકળનું બિન્દુ.
ક્યાં સુધી એ ઝૂલતું રહેશે ?
ક્યાં સુધી ? વધુમાં વધુ ક્યાં સુધી ?
બરાબર એવું જ છે માનવજીવન
ક્ષણવારમાં ય એ હતું – ન હતું થઈ શકે છે.
કદાચ એ ટકે તો ય ક્યાં સુધી ?
વધુમાં વધુ ક્યાં સુધી ?
ગૌતમ !
તું એક સમયનો પણ પ્રમાદ ન કરીશ.

* * * * * *

પ્રભુ વીર કહે છે –

**दुल्लहे खलु माणुस्से जम्मे, चिरकालेण वि सव्वपाणीणं ।**
**गाढा य विवाग कम्मुणो, समयं गोयम मा पमायए ॥**

લાંબા... ખૂબ લાંબા... ખૂબ ખૂબ લાંબા સમયે ય
માનવ તરીકે જન્મ મેળવો
એ સર્વ જીવો માટે ખૂબ જ દુર્લભ છે
અને કર્મોના ફળ ગાઢ હોય છે.

ગૌતમ !

તું એક સમયનો પણ પ્રમાદ ન કરીશ.

માનવ જન્મ + જૈન કુળ + જિનવાણી શ્રવણ

પ્રગટેલી શ્રદ્ધા + છતી શક્તિ

આનો અર્થ છે

જીતવાની અણી.

ભવચક્રની આ મેચમાં શક્ય છે કે

એક ક્ષણનો પણ વિલંબ

આપણને જીતથી વંચિત કરી દે

અને એવી રીતે આઉટ કરી દે

જેનાથી બીજા અનંતકાળ સુધી

જીતવાની શક્યતા પણ ન રહે.

* * * * * *

પળ અને નિર્ણાયક પળ

આ બંનેનું અંતર સમજવું ખૂબ જરૂરી છે

પળ માત્ર એક પળ હોય છે.

જેનું કોઈ મહત્ત્વ નથી,

જેનો કોઈ ઉપયોગ નથી,

જે વ્યર્થ જાય તો કોઈ ફરક પડતો નથી.

નિર્ણાયક પળ સર્વસ્વ હોય છે

કારણ કે એને ગુમાવવાનો અર્થ જ

'સર્વસ્વને ગુમાવવું' છે.
નિગોદાદિ ભવોમાં જે હતી તે 'પળ' હતી.
આજે જે છે તે 'નિર્ણાયક પળ' છે.
એકની એક નદીમાં
બે વાર પગ મુકી શકાતો નથી.
બીજી વાર પગ મુકાય તે બીજી નદી હોય છે.
કારણ કે પહેલી વાર જ્યાં પગ મુકાયો
એ પાણી જુદું હતું
અને બીજી વાર જ્યાં પગ મુકાયો
એ પાણી જુદું હતું.
સમય એ એક એવી નદી છે
જેની સ્પર્શના ફક્ત એક જ વાર થઈ શકે છે.
ફરી એ સમય ક્યારેય આવતો નથી.
આવનારા અનંત કાળમાં પણ નહીં.

* * * * * *

Time planing is must.
ચાલતી ટ્રેનમાં ચડી જવાનું હોય,
સરકસનો ખતરનાક ખેલ કરવાનો હોય
કે પછી રાધાવેધ કરવાનો હોય.
જરાક એક ક્ષણ માટે ચૂક્યા કે ખેલ ખલાસ.
ધર્મના અવસરને ઝડપવા માટે
આવી સમયસૂચકતા જોઈએ છે.

સરકસ વગેરેમાં થયેલી ગફલત કદાચ વધુમાં વધુ
એક મૃત્યુ આપી શકે છે.
ધર્મના અવસરે ગાફેલ રહેવાની ગફલત
અનંત મૃત્યુ આપી શકે છે.
બસ,
જરાક આપણે ગાફેલ રહ્યા
અને ખેલ ખલાસ.

* * * * * *

ધર્મનો અવસર આવ્યો
એનો અર્થ એ જ છે કે મોક્ષની ગાડી આવી.
એ ગાડી
જેની આપણા આત્માને અનંતકાળથી જરૂર હતી.
સંસાર નામના સ્ટેશન ઉપર
જેની પ્રતીક્ષા કરતા કરતા આપણા આત્માના
અનંત પુદ્ગલ પરાવર્તો પસાર થઈ ગયા.
આજે પરમ પાવન પળે
એ ગાડી આવીને આપણી સામે ઊભી રહી છે.
હવે એ ઉપડી જવાની તૈયારીમાં છે.
એના ઉપડી જવાનો સૂચક હોર્ન
વાગી ચૂક્યો છે.
It's about to go
what are we doing ?

* * * * * *

ધર્મનો અવસર આવ્યો
એનો અર્થ એ જ છે કે
ભગવાન આપણી સામે આવ્યા.
આપણી સન્મુખ આવ્યા.
આપણી તરફ ચાર પગલા ચાલ્યા.
ને વ્હાલથી આપણને કહ્યું –
ચાલ વત્સ ! આવે છે ને !
What's our answer ?

* * * * * *

દીક્ષાર્થીના સ્વજનો ઘણી વાર કહેતા હોય છે.
દીક્ષા જરૂર લેજે
પણ હમણા નહીં, બે વર્ષ પછી.
આની પાછળ પ્રાયઃ એ જ ગણતરી હોય છે
કે આ વચગાળામાં યા એના ભાવ પડી જાય
યા આપણે એના ભાવ પાડી દઈએ
ને દીક્ષાની વાત ‘પૂરી’ થઈ જાય.

આપણા સમગ્ર ભવચક્રમાં
જ્યારે જ્યારે ધર્મનો અવસર આવ્યો છે.
ત્યારે ત્યારે મોહરાજાએ એ સ્વજનોનો ‘રોલ’ કર્યો છે.
એ હંમેશા આપણી અંદરથી કહેતો રહ્યો.
‘હમણા નહીં, પછી.’
અત્યારે ય એ એના રોલને ભજવી રહ્યો છે.

We have to think -

What to do ?

અનંતકાળ સુધી કર્યું એ જ કરવાનું હોય,
તો અનંતકાળ સુધી આપણી સાથે જે થયું,
એ જ હવે બીજા અનંતકાળ સુધી થશે.

Are we ready for it ?

* * * * * *

પ્રભુ કહે છે –

વત્સ ! જલ્દી.

જો વિલંબ કરીશ

તો સળગી જઈશ આ સંસારના દાવાનળમાં,
કપાઈ જઈશ આ સંસારના કતલખાનામાં,
ડુબી જઈશ આ સંસારના દરિયામાં.
હજી તું શાની રાહ જોઈ રહ્યો છે
જો પેલી આવે છે ને
એ છે જરા – રાક્ષસી.

એ તને આંબી જાય એટલી જ વાર
પછી તું સાવ જ ખોખલો થઈ જઈશ.
તારું શરીર જ તારા વશમાં નહીં હોય,
ત્યારે તું બીજું શું કરી શકીશ ?

વત્સ !

જો પેલો રાક્ષસ ધસમસતો આવે છે.

એ છે રોગ.

એક સેકન્ડની અંદર એ તારા ભૂંડા હાલ કરી દેશે.

છતે અંગે તું અપંગ થઈ જઈશ.

'હાય... હાય' તારી માતૃભાષા થઈ જશે

પીડા એ તારું જીવન થઈ જશે.

શું વિચારે છે થું ?

તું ક્યારે આત્મકલ્યાણ કરીશ ?

જો સામે

પેલો આવે છે ને ? એ છે યમરાજ.

મૃત્યુ.

એ ચાહે તો તને આજે જ આંબી શકે છે.

એ તને આંબી જાય એટલે તારો ખેલ ખલાસ.

તારી બધી જ કથા પૂરી.

તારા હાથમાં ખૂબ જ ઓછો સમય છે

આત્માહિતનું વિરાટ કાર્ય તારે આ આલ્પ સમયમાં

કરી લેવાનું છે.

એ કાર્યને તું શરૂ પણ નથી કરતો

તો પુરું તો ક્યારે કરીશ ?

મારા વત્સ ! કર્મો, ભવિતવ્યતા, તથાભવ્યત્વ

આ બધાં જિનશાસનના શબ્દો લઈને

મોહશાસન તેમનો દુરુપયોગ કરી રહ્યું છે.
જે શબ્દો દ્વારા
જિનશાસન આત્માને
પ્રચંડ વીર્યોલ્લાસ જગાડતું હતું,
એ જ શબ્દો દ્વારા મોહરાજા એને ઢીલો-ઢફ બનાવી રહ્યું છે.
મારા લાલ !
તારે એમાં બિલકુલ ફસાવાનું નથી.
ઉઠ, ઊભો થા. ફગાવી દે તારી બધી જ ઢીલાશને.
અંગે અંગે ઉમંગને ભરી દે.
પકડી લે આ મારી આંગળી
ને ચાલ મારી સાથે.

✺ ✺ ✺ ✺ ✺

Prize cancel થઈ શકે તેમ હોય
તો ય લોટરીનું ઈનામ લેવા જવું જ નહીં
એનું નામ વિલંબ.

**ડુબવાની અણી પર બચાવનારના**
**હાથને હાથતાળી આપવી**
**એનું નામ વિલંબ.**